જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૦૫/૦૯/૨૦૧૭ મંગળવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયા :- સમાચાર યાદી નં.૧૭૮૭/૧૭

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ૩૫ કેસ કરી, ૨૭ વ્યક્તિઓને ઝડપી, ૨૨૮ લીટર દેશી દારૂ, ૬૭ બોટલ ઇંગ્લીશ દારૂ, ૨ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૨૪ બિયર ટીન, ૧ કાર અને ૧ સ્કુટર કબજે કર્યું હતુ. તેમજ જુગાર ધારા હેઠળ ૪ કેસ કરી ૨૯ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૧૮,૦૧૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૭૮૮/૧૭

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૯૧ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૧૦ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**ચોરીઃ- સમાચાર યાદી નં.૧૭૮૯/૧૭**

સરખેજઃ દામોદરદાસ સરજુસાદ સાધુ (રહે. ધુમા ગામ નંદ બંગલોઝ આરોરી ક્લબ રોડ ધુમા તા.દસ્ક્રોઈ અમદાવાદ) એ તા.૪/૯/૧૭ નારોજ સરખેજ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૯/૮/૧૭ કલાક ૧૦/30 થી કલાક ૧૧/00 વાગ્યા દરમ્યાન સરખેજ એસ.જી.હાઈવે ખાતે આવેલ એલ.જે.કોલેજ પોલીટેકનીક કોલેજના પાર્કીગમા પાર્ક કરેલ પોતાના એક્ટીવાની ડેકીમાંથી મોબાઈલ ફોન કિમત રૂપિયા ૫000/- તથા સાહેદ મીત્રોના ત્રણ મોબાઈલ ફોન મળી કુલ કિમત રૂપિયા ૫૦,000/- મતાની અજાણી વ્યક્તિ ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એસ.એમ.પઠાણ ચલાવે છે.

**બેભાન કરી ચોરીઃ- સમાચાર યાદી નં.૧૭૯૦/૧૭**

કૃષ્ણનગરઃ અશ્વિનભાઇ વિનુભાઇ શાહ (ઉ.વ.૫૮) (રહે. નિરવ રો હાઉસ સેન્ટ મેરી સ્કુલની બાજુમા આદીશ્વરનગર) એ કૃષ્ણનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૪/૯/૧૭ બપોરના ૩/૪૫ વાગ્યાના સુમારે અશ્વિનભાઈના ઘરે અશ્વિનભાઈના પત્ની એકલા હાજર હતા ત્યારે સોના-ચાંદીના દાગીના પાવડરથી ચમકાવી આપવાના બહાને બે પુરૂષો આવ્યા હતા જેઓ ઘરમાં પ્રવેશ કરી પાવડર જેવી વસ્તુ ગરમ કરવા મુકી અશ્વિનભાઈના પત્ની નજીક લઈ જઈ અશ્વિનભાઈના પત્નીને સુંઘાડી બેભાન કરી અશ્વિનભાઈના પત્નીનેએ પહેરેલ સોનાની બે બંગડી કિમત રૂપિયા ૭૫,000/-, સોનાનુ ડોકીયુ પેડલ સાથે કિંમત રૂપિયા ૨૫,000/- અને એક જોડી સોનાની બુટ્ટી કિંમત રૂપિયા ૧૨,000/- મળી કુલ કિમત રૂપિયા ૧,૧૨,000/- મતાની ચોરી કરી લઈ પલાયન થઈ ગયા હતા. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એફ.એલ.રાઠોડ ચલાવે છે.

**<u>ડુબી જતાં મૃત્યુઃ</u>** **<u>સમાચાર યાદી નં.૧૭૯૧/૧૭</u>**

**રીવરફ્રન્ટ ઇસ્ટઃ** નિલેષ નારણભાઇ શ્રીમાળી (ઉ.વ.૨૪) (રહે, પાર્વતી એપાર્ટમેન્ટ સતરનગર રોડ નાગરવેલ હનુમાન અમરાઇવાડી) તા.૩/૯/૧૭ સાંજના ૭/૧૫ વાગ્યાના સુમારે કોટેશ્વર મંદિર નજીક સાબરમતી નદી ખાતે ગણપતિ વિસર્જન વખતે પગ લપસી જતાં ડુબી ગયા હતા. સારવાર માટે સીવીલ હોસ્પીટલ ખાતે લઈ જતાં સારવાર દરમ્યાન તેમનું મૃત્યુ નિપજયું હતુઆ અંગે રીવરફ્રંટ ઈસ્ટ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી મોતીભાઇ તળજાભાઇ ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.